**સરદાર પટેલ યુનિવર્સિટી**

**<u>વલ્લભ વિદ્યાનગર</u>**

**બે વર્ષીય બી.એડ્.અભ્યાસક્રમ માટે પ્રવેશ જાહેરાત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪**

---

યુનિવર્સિટી અંગભૂત કોલેજ અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં બી.એડ્.અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે માન્ય યુનિવર્સિટીમાંથી પાસ થયેલ **સ્નાતક અથવા અનુસ્નાતક ની ડીગ્રીમાં ૫૦% , અથવા એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજીમાં વિજ્ઞાન અને ગણિત વિષયના સ્પેશ્યલાઈઝેશન સાથે સ્નાતક અથવા અનુસ્નાતકની ડીગ્રી ધરાવનાર માટે ૫૫% (SC/ST/SEBC ને ૫%** છુટછાટ રહેશે.) કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ અરજીપત્રક તારીખઃ ૦૯/૦૩/૨૦૨૩ થી ૨૮/૦૩/૨૦૨૩ સુધીમાં યુનિવર્સિટીની વેબસાઈટ **www.spuvvn.edu/studentscorner/admissions/B.Ed/** પર ઓનલાઈન પ્રવેશ પત્રક ભરી શકાશે. અરજદારોએ પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી રૂ. **૨૦૦/-** ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, અથવા નેટ બેંકીંગ દ્વારા ઓનલાઈન ભરવાની રહેશે. **પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહી.** ઓનલાઈન પ્રવેશ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી તમામ ધો- ૧૦, ૧૨ ની માર્કશીટ, લીવીંગ સર્ટીફીકેટ, સ્નાતક માર્કશીટ, અનુસ્નાતક માર્કશીટ તથા જાતિ અંગેનો દાખલો(જો લાગુ પડતો હોય તો) સ્વપ્રમાણિત નકલ સહિત રૂબરૂ **સોમવાર થી શુક્રવાર સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયની પાછળ રૂમ નં. ૧૧૮ માં વેરીફીકેશન કરાવવાનું રહેશે.** અધુરા અને લાયકાત વગરના અરજી ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.

**<u>ફક્ત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ સરદાર પટેલ યુનિવર્સિટીના સ્નાતક(ફ્રેશ) Graduateના વિદ્યાર્થીઓએ સ્નાતકની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓની સેમેસ્ટર ૬ ની માર્કશીટ આવ્યા બાદ જ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવું. જેની ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા અંગેની અંતિમ તારીખ હવે પછી થી જાહેર કરવામાં આવશે.</u>**

બી.એડ્. અભ્યાસક્રમમાં કાઉન્સેલિંગ અંગેનું શિડ્યુલ, મેરીટ લિસ્ટ તથા અન્ય તમામ માહિતી ઉપરોક્ત આપેલ વેબસાઈટ પર હવે પછી થી જાહેર કરવામાં આવશે.

યુનિવર્સિટી કાર્યાલય દ્વારા પ્રવેશ અંગેનો કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કે ટેલિફોનીક જાણ કરવામાં આવશે નહી. જેથી યુનિવર્સિટી વેબસાઈટ વખતોવખત જોતાં રહેવું.

**<u>ઓનલાઈન ભરેલ અરજીપત્રકની હાર્ડકોપી સ્વીકારવાની અંતિમ તારીખઃ ૨૯/૦૩/૨૦૨૩ સાંજના ૫:૦૦ કલાક સુધી</u>**

**વલ્લભ વિદ્યાનગર**

**તા.૦૪/૦૩/૨૦૨૩**

**કુલસચિવ**